**અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૧ માં, મુ. અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. ૭૨૮૪૩/૨૦૨૩**

આંક–

શ્રી સરકાર .......... ફરીયાદી

**વિરૂધ્ધ**

**૧.** જીગરભાઈ જવાનજી ઠાકોર. **૨.** મયુરભાઈ દિનેશભાઈ ઠાકોર.

**૩.** વિષ્ણુભાઈ ઈશ્વરજી ઠાકોર **૪.** નિલેશભાઈ મહેશભાઈ ઠાકોર.

**૫.** કલ્પેશભાઈ પ્રહલાદભાઈ ઠાકોર. .......... આરોપી

**આરોપ :– <u>જુગાર ધારા કલમ – ૧૨ મુજબ</u>**

**:: <u>ઠ રા વ</u> ::**

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી તા.૧૪/૦૪/૨૩ ના રોજ જાહેરમાં ગોળ કુંડાળુ વળી હારજીતનો તીન પત્તીનો જુગાર રમતાં સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થીત થતા, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીઓની ગુના સબબ પ્લી નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનું છું, પરંતુ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ''સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર'' ૨૦૦૫(૧) જી. એલ. આર. પાના નં.૭૦૯ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતા, આ કામમાં આરોપીને હાલના ગુના સબબની કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીની સામેના ગુનાને લક્ષમાં લેતા સામાન્ય કુટુંબના વાતાવરણમાંથી આવતા હોય, આવા પ્રકારના સંજોગોમાં તેઓની રજુઆતો લક્ષમાં લેતા આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના દરેક આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ મુજબ જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) એક કુલ મળી રૂા.૧૫૦૦/– (અંકે રૂપિયા પંદરસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો દરેકે દિવસ–૦૬(છ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાતે ખાલસા કરવી તેમજ અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજરોજ તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(પરેશગીરી નટવરગર ગોસ્વામી),
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૧, અમદાવાદ.
જીજે૦૧૦૩૭

અમદાવાદ.
તારીખ:–૦૯/૦૯/૨૦૨૩